GJBK020137302026

====================================================

## બનાસકાંઠાના મે.ચોથા એડી. સિનીયર સીવીલ અને ચીફ મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાલનપુર

====================================================

ફોજદારી કેસ નં. 2556/2026
આંક–

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** અમરતભાઈ છતરાભાઈ વાલ્મીકી,
ઉ.વ. ૪૦, ધંધોઃ મજુરી,
રહે. મડાણા (ડાં) તા.પાલનપુર

**ગુનો–** <u>પ્રોહી એકટની કલમ–૬૬(૧)બી મુજબ</u>

## –// ચુકાદો //–

(૧) ફરીયાદ પક્ષે સબંધિત પોલીસ સ્ટેશન તરફથી તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પ્રોહી એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ. આરોપીએ સ્વેચ્છાએ ગુના કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીની ગુના કબુલાત નોંધી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલાને જાહેર કરેલ છે.

(૩) આરોપી સ્વૈચ્છીક ગુનો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત ધ્યાને લઈ, આરોપીને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. આરોપી કાયદાની આંટીઘુંટીનો લાભ મેળવવા પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છીક ગુનો કબુલ કરે છે. તે

સંજોગોમાં નામદાર *ગુજરાત હાઈકોર્ટના ડિવીઝન બેંચે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનાનં.૭૦૯ ગુજરાત સરકાર વિ. નટવરલાલ હરચંદજી ઠાકોર* ના ચુકાદામાં ઠરાવેલ છે કે જો આરોપીનો પ્રથમ ગુનો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરતાં પણ ઓછી સજા ફરમાવી શકે છે. જે નામ.હાઈકોર્ટના ચુકાદાના સિદ્ધાંત આ કામે યોગ્ય પણે લાગુડ પડતા હોવાને અત્રેની કોર્ટનું માનવું છે. આરોપીને સજા કરવામાં આવે તો આરોપી રીઢા ગુનેગારના સંસર્ગમાં આવે અને ગુનાખોરીના માર્ગે ચડે તેવી શકયતાને ધ્યાને લેતાં ઉપરોકત હકીકતને ધ્યાને લઈ આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા નહી કરતાં, આરોપીની ગુના કબુલાત સ્વીકારી આરોપીની આર્થિક પરિસ્થિતિ, સંજોગો તથા દયાની માંગણીને ધ્યાને લઈ આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

- બી.એન.એસ.એસ.ની કલમ ૨૬૪ અન્વયે આરોપીને પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ.૧૦૦/- (રૂપિયા એક સો) પુરાનો દંડ તથા કોર્ટ ઊઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત દંડની રકમ ન ભરે તો દિન-૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.પાલનપુર (એસ.જે.ઠકકર)

તા.૧૪/૦૩/૨૦૨૬ ચોથા એડી. સિનીયર સીવીલ અને ચીફ મેજી.

પાલનપુર

યુનીક જજ કોડ નં.જીજે.૦૧૨૭૭